# કાબર (Common Myna)

**પંખીલોક**

★ પ્રવીણ સરવૈયા

પારેવાં અને ચકલીની જેમ કાબર વ્યાપક રીતે દેખાતું આપણા ઘરઆંગણાંનું પંખી છે. આપણે ઘર આંગણે રોજિંદા જોઈએ છીએ એ Common Myna, જેનું સામાન્ય નામ કાબર છે. જે આશરે વીસેક સેન્ટિમીટર જેટલું કદ ધરાવતું સુઘડ અને ગૌરવશાળી પક્ષી છે. તેના રંગનું વર્ણન કરવું મુશ્કેલ છે, પણ તપખીરિયો કે બજરિયો, કથ્થાઈ રંગ કહી શકાય. તેનાં પગ, આંખો અને ચાંચ ચળકતાં પીળા રંગનાં છે. આંખોની આસપાસ ખુલ્લી





ચામડી છે. તેના માથા પરનો રંગ કાળો છે તથા ઊડે ત્યારે પાંખોમાંનો ધોળો ચમકતો પટ્ટો દેખાય છે.

કાબર ખૂબ મહેનતુ છે. સવાર હોય કે બપોર, તે રખડપટ્ટી કર્યા જ કરે છે. તે સ્વભાવે લડાયક પણ છે. બે કાબરો ઝઘડતી હોય ત્યારે તેઓ કાળો કકળાટ કરી મૂકે છે. તેને ખોરાકમાં બધું જ ચાલે. અનાજના દાણાં ઉપરાંત રાંધેલો ખોરાક, બધી જ જાતની જીવાત, ઢોર પરનાં જીવડાં, અળસિયાં વગેરે તે આરોગી જાય છે. તે ઝાડની ઊધઈ કે પીપળના ટેટાં પણ ખાય છે. સ્વભાવે તે મળતાવડી છે. ગામડું હોય કે શહેરની ભરચક બજાર, તેને બધી જ જગ્યાએ ફાવે છે. એક જોડી બનીને જે સ્થળને પોતાના રહેઠાણ તરીકે પસંદ કર્યું હોય, પછી બીજી કાબરોને તે જોડી ત્યાં પેસવા દેતી નથી. રહેણાંક માટે આવો સાવ સ્વાર્થી સ્વભાવ હોવા છતાં ચારો ચરવા માટે તેઓ એક સાથે મોટી સંખ્યામાં એકઠી થાય છે.

કાબર ચાલતાં જતાં ઢોરની આસપાસ લટકતી ચાલે ચાલતી હોય છે અને ઢોરની હલચલથી ખલેલ પામીને ઊડતાં જીવડાંને પકડી લે છે. કાબરોનું ટોળું ફળિયામાં ચારો ચરતું હોય ત્યારે તેમાં નર અચૂક ઓળખાઈ આવે છે. તે ટોળામાં છાતી કાઢી, માથું ઊંચું રાખી, રૂઆબથી ચાલે છે. તથા વચમાં ઊભો રહી ડોકનાં પીંછાં ફુલાવી માથું ઝુકાવતો દેખાય છે. ઉનાળામાં નર પંખી મીઠો અવાજ કાઢીને ગાય છે.

જાતજાતના ને ભાતભાતના અવાજો કાઢવામાં કાબર બહુ માહેર છે. તે બીજાં પક્ષીઓની આબાદ નકલ પણ કરી જાણે છે. તે ચુક ચુક..., ટીકુ...ટીકુ..., કીચુર...કીચુર..., ક્વ્રુક..., ચીં...ચીં..., ટી.. ટી... જેવા અવાજો કરે છે. ઊડતી-બેસતી, ખાતી, ભય પામતી વખતના તેના અવાજોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. તે ઠાવકી બનીને બીજાં પંખીઓના ચાળા પાડે છે. પંખીઓની તે ચોકીદાર છે. સાપ, બિલાડી જેવાં પ્રાણીઓથી ભય જણાય ત્યારે તે કોલાહલ કરી મૂકે છે. તે ખેડૂતોની રક્ષક છે. પાકને નુકસાનકારક જીવાતો તે ખાઈ જાય છે.

તેનો માળો સાવ લઘરવઘર હોય છે. માળો બનાવવામાં તે સાવ આળસુ છે. તેને પોતાનો જ જૂનો માળો પણ ચાલે તથા કાગડા કે સમડીના માળા પણ વાપરે. તેનો માળો સાંઠીકડાં, તણખલાં, ચીંથરાં વગેરેનો બનેલો હોય છે. મકાનનાં છાપરાં, ભીંત કે કૂવાનાં બાકોરાં અથવા ઝાડની બખોલમાં તે માળો

**જાતજાતના અવાજો કાઢવામાં કાબર બહુ માહેર છે. તે બીજાં પક્ષીઓની આબાદ નકલ પણ કરી જાણે છે અને ઠાવકી બનીને બીજાં પંખીઓના ચાળા પાડે છે. પંખીઓની તે ચોકીદાર છે**

બનાવે છે. જેઠથી શ્રાવણ માસના ગાળામાં માદા ત્રણથી છ જેટલાં આસમાની રંગનાં સુંદર ઈંડાં મૂકે છે. કાબરને હિન્દીમાં 'મૈના' કહે છે.

સામાન્ય કાબર (Common Myna) ઉપરાંત કાબરની અન્ય જાતો; ઘોડા કાબર (Bank Myna), રાખોડીશિર મેના (Chestnut-tailed Starling), વન કાબર (Jungle Myna), બ્લિથ્સ મેના (Blyth's Myna), કાબરી મેના (Asian Pied Starling) તથા કાબરના કૂળના બ્રાહ્મણી મેના અને વૈયાં જેવાં પંખીઓ પણ આપણે ત્યાં છે. આ બધાંની વાત પણ ક્યારેક વિગતે કરીશું.

પક્ષીઓમાં કાબર હોય કે કાગડો, પણ એ વાત સૌએ સ્વીકારવી જ રહી કે માનવસર્જિત દુનિયામાં સૌથી વધુ નૈસર્ગિક કૃતિ હોય તો એ માત્ર પક્ષીઓ જ છે.



## અનુસંધાન પાના નં.11નું

..વધારે મેગ્નિફિકેશન વાળા બાયનોક્યુલરમાં સ્ટેન્ડ ફીટ કરવાનું એડેપ્ટર અને બાયનોક્યુલરમાં સ્ટેન્ડ ફીટ કરવાનો સ્ક્રુ પણ આપેલો હોય છે. ઉભા ઉભા ઉંચે જોતા જોતા થાકી ન જવાય એટલે ખાસ પ્રકારના સ્ટેન્ડ અને ખુરશીઓ પણ ઉપલબ્ધ હોય છે.

હવે આ બધા બાયનોક્યુલર તમે ખરીદવા જાવ ત્યારે એક જ સ્પેસિફિકેશન વાળા બાયનોક્યુલર જુદી જુદી કંપનીના જુદા જુદા ભાવ હોય છે. તેના બે કારણ છે પહેલું કારણ તેમાં ઉપયોગમાં લેવાયેલા લેન્સ. જેમ આપણે ચશ્મા ખરીદવા જઈએ ત્યારે લેન્સની ક્વોલિટી પ્રમાણે જુદા જુદા ભાવ હોય છે તેવી જ રીતે બાયનોક્યુલરમાં પણ લેન્સની ક્વોલિટી જેમ સારી હોય તેમ તેના ભાવ વધારે હોય છે. બીજો સૌથી અગત્યનો મુદ્દો છે બાયનોક્યુલરની બંને ટ્યુબનું એલાઈમેન્ટ. આપણા શરીરમાં બંને આખો યોગ્ય રીતે ગોઠવાયેલી છે તેથી બે આંખો હોવા છતાં દૃશ્ય એક જ દેખાય છે તેવી જ રીતે બાયનોક્યુલરની બંને ટ્યુબનું એલાઈમેન્ટ જેટલું સારું હોય તેટલું દૃશ્ય સારું જોવા મળે છે. લેખની શરૂઆતમાં મેં બાયનોક્યુલરનો અર્થ એટલા માટે જ સમજાવેલો છે. જો એલાઈમેન્ટ યોગ્ય ન હોય તો તમને ડબલ દૃશ્યો દેખાય છે, બાયનોક્યુલરને થોડો સમય ઉપયોગમાં લો એટલે ચક્કર આવવા કે માથું દુખવા લાગે છે.

બાયનોક્યુલર તમે ઓનલાઇન અથવા વિન્ડો શોપિંગ એટલે કે માર્કેટમાંથી કે શોરૂમમાંથી મેળવી શકો છો. બંનેના ભાવમાં તમને ફેર જોવા મળશે. માર્કેટમાંથી બાયનોક્યુલર પ્રમાણમાં મોંઘા મળશે. ઓનલાઇન સસ્તા મળે છે. પરંતુ ઘણીવાર સસ્તા બાયનોક્યુલર મેળવવા જતા ઘણા બધા ભયસ્થાનો પણ જોવા મળે છે. ઓનલાઇનમાં બાયનોક્યુલરની મૂળ કિંમત અને પછી 51% ડિસ્કાઉન્ટ જણાવેલું હોય છે. ગ્રાહક ક્યારેય એ વિચારતો નથી કે વેપારી દૃષ્ટીએ આટલું બધું ડિસ્કાઉન્ટ કઈ રીતે મળે? જો ઓનલાઇન સસ્તું મળે તો કંઈક ગડબડ છે. હવે જ્યારે આવી વસ્તુ હાથમાં આવે ત્યારે ખબર પડે કે તેના લેન્સની ક્વોલિટી "અપ ટુ ધ માર્ક" નથી. ડુપ્લીકેટ પણ હોય છે અને ચિત્રમાં બતાવ્યા કરતા કોઈ બીજી જ વસ્તુ હોય છે. લેન્સ તૂટી ગયેલા કે નીકળી ગયેલા જોવા મળે છે. બંને ટ્યુબનું એલાઈમેન્ટ બરાબર નથી હોતું. ટ્રાન્સપોર્ટેશનમાં આવું થઈ જતું હોય છે.

ઘણી બધી વાર એવું પણ જોવા મળ્યું છે કે ઓનલાઇન વેચાતી વસ્તુઓ રિટર્ન આવેલી વસ્તુઓને રીપેક કરીને વેચવામાં આવે છે. વળી ઓનલાઈન લીધેલી વસ્તુઓની વોરંટી પણ મળતી નથી. ભવિષ્યમાં રિપેર કે સર્વિસ કરવાની વ્યવસ્થા પણ હોતી નથી. આમ આ દરેક પાસાઓ ધ્યાનમાં રાખીને બાયનોક્યુલરની ખરીદી કરશો તો દૂરનું દૃશ્ય નજીકથી ખૂબ જ સ્પષ્ટ જોઈ શકશો.